ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-04 તા:-17-09-2021

## રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષશ્રી તેજસ્વી સૂર્યા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મ દિવસે ગુજરાત પ્રવાસે

-------

## ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા તેજસ્વી સૂર્યાનું એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

------

## ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના કાર્યકરો ખૂબ સારુ કામ કરી રહ્યા છે - શ્રી તેજસ્વી સૂર્યા

------

## વડનગર રેલ્વે સ્ટેશનની મુલાકાત કરી સ્ટેશન પર તેજસ્વી સૂર્યાજીએ યુવાનો સાથે ચાઇ પે ચર્ચા કરી

------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ તારીખ 17 સપ્ટેમ્બર 2021 ના રોજ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મ દિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષશ્રી તેજસ્વી સૂર્યા ગુજરાત પ્રવાસે આવ્યા છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મ દિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા દ્વારા ત્રણ દિવસ અમદાવાદના કાંકરિયા ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના રાજકીય તથા સામાજીક જીવનને વણી લેતી પ્રદર્શની યોજવામાં આવી છે . રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષશ્રી તેજસ્વી સૂર્યાએ પ્રદર્શનની મુલાકાત કરી હતી. અમદાવાદ ખાતે યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી તેજસ્વી સૂર્યા અને યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રશાંતભાઇ કોરાટની ઉપસ્થિતિમાં ભારતીય જનતા યુવા મોરચા- ગુજરાત પ્રદેશ દ્વારા યુથ કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ વડનગર જઇ રેલ્વે સ્ટેશન ખાતે યુવાનો સાથે ચાઇ પે ચર્ચા કરી હતી.

આ પ્રસંગે શ્રી તેજસ્વી સૂર્યાએ જણાવ્યું કે આજે આપણા દેશના વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્રશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો જન્મદિવસ છે અને આજે આ દિવસે ગુજરાત આવવાનો મને મોકો મળ્યો છે. ગુજરાત રાષ્ટ્રભકતોની ભૂમી છે. મહાત્મા ગાંધીથી લઇ સરદાર વલ્લભભાઇ પટેલ ,કે મુનશીથી લઇ સ્વામી દયાનંદ સરસ્વતીની ભૂમી છે ગુજરાતે દેશને વડાપ્રધાન આપ્યા છે અને નવા ભારતને મજબૂત નેતૃત્વ આપ્યું છે. શ્રી તેજસ્વી સુર્યાએ વધુમાં જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી યુવાઓને પ્રોત્સાહન આપે છે. આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે અને ન્યુ ઇન્ડિયા, વાઇબ્રન્ટ ઇન્ડિયા તરીકે આગળ વધી રહ્યો છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશનું પોલિટીકલ કલ્ચર બદલાઇ રહ્યું છે. ગત 6- 7 વર્ષોમાં આદરણીય વડાપ્રધાનશ્રી

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશ હીતમાં જે કામ કર્યા છે જેમાં **CAA** ,આર્થિક નીતિઓ,કલમ **370** રદ કરવી જેવા નિર્ણય રાજકારણથી ઉપર જઇ કર્યા છે. વિરોધ પક્ષોએ દેશ હિતમાં લેવાયેલા નિર્ણયો નું સ્વાગત કરવું જોઇએ પરંતુ દેશનું દુરભાગ્ય છે કે કોંગ્રેસ અને અન્ય પક્ષો વિરોધ કરી રહ્યા છે. આજે રાજકારણમાં એક બદલાવ જોવા મળી રહ્યો છે **2014** પહેલા દેશમાં યુવા કાર્યકરો માટે જે એક રાજકીય પરિવારમાંથી નોહતા આવતા તેવા કાર્યકરોને તક મળવી મુશ્કેલ હતી . ગુજરાતમાં યુવા મોરચો સારી રીતે કામ રહ્યું છે ગુજરાતના યુવા નેતાઓનું ભવિષ્ય ઉજળુ છે.

ડૉ.યજ્ઞેશ દવે

પ્રદેશ મિડિયા કન્વીનર